ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/ ૬૪
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૯/૧૨/૨૦૧૬

## // પરિપત્ર //

વિષયઃ- **નિગમની વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.**

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૬, તા.૨/૧૨/૨૦૧૫.
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૮, તા.૩૧/૦૩/૨૦૧૬.
(૩) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૭, તા.૩૦/૦૬/૨૦૧૬.
(૪) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૫૧, તા.૨૦/૦૮/૨૦૧૬.

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખૂલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે વણવપરાશી/ખૂલ્લા ઔદ્યોગિક પ્લોટની તબદીલીની નીતિ (એકઝીટ પોલીસી) તા.૨/૧૨/૨૦૧૫ ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ. જે છેલ્લે નિગમના પરિપત્ર તા.૨૦/૦૮/૨૦૧૬ થી સમય મર્યાદા વધારીને અરજદારે અરજી કરવાની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીની કરવામાં આવેલ અને ક્ષેત્રિય કચેરીએ નિર્ણય લેવાની સમય મર્યાદા તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીની કરવામાં આવેલ. આ નીતિને ખૂબ સારો પ્રતિસાદ મળેલ હોઇ, હવે આ સમય મર્યાદામાં વધારો કરવામાં આવે છે અને આ નીતિનો લાભ મેળવવા ઇચ્છતા અરજદારે તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં નિગમને અરજી કરવાની રહેશે અને ક્ષેત્રિય કચેરી ધ્વારા તે અંગેનો નિર્ણય તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં લેવાનો રહેશે.

આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતના કિસ્સામાં પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧૦% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસુલ કરી તા.૩૦/૦૯/૨૦૧૭ સુધી વપરાશની સમય મર્યાદા વધારી આપવાની રહેશે.

ઉકત પરિપત્રોની અન્ય જોગવાઇઓ યથાવત્ રહેશે.

સહી/-
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) જ.મે.ગ્રેડ-૧શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)